## ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળનું જાહેરનામું.

ન.એમએજી/ચુંટણી હથીયાર/વશી. ૧૮૫૭ /૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–ર, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

ભારતના ચુંટણી આયોગ ધ્વારા લોક સભા સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. જાહેર થયેલ કાર્યક્રમના કારણે ઉમેદવારો તથા રાજકીય પક્ષો ધ્વારા તથા તેમના કાર્યકરો ધ્વારા ચુંટણી લક્ષી પ્રચાર માટે તીવ્ર સ્પર્ધા થનાર છે. જેનાં કારણે જાહેર સુલેહશાંતિનો તથા કોમી એખલાસનો ભંગ થવાના પ્રસંગો બનવા સંભવ હોઈ, આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે યોગ્ય પગલાં લેવાં ઈચ્છનીય છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત જિલ્લાનાં પોલીસ કમિશ્નરશ્રી, સુરતના અધિકાર હેઠળના વિસ્તાર સિવાયના સુરત(ગ્રામ્ય)ના વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ આ હુકમની તારીખથી તા.૨૮/૦૫/૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન,

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ પણ યંત્ર, શસ્ત્ર કે સાધન સાથે લઈ જવું નહિ.
(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવું નહિ.
(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવા કે નાંખવાનાં યંત્રો, શસ્ત્રો અથવા સાધન સાથે લઈ જવું નહિ.
(૪) મનુષ્યો અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખડવા નહિ.
(૫) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ, તેવા હાવભાવ કે ચેષ્ટા કરવી નહિ, ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા નહિ અથવા તેનો ફેલાવો કરવો નહિ .
(૬) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ .
(૭) લોકોને અપમાનિત કરવાના ઈરાદે જાહેરમાં બુમો પાડવી નહિ, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહિ.

આ હુકમનો કોઈપણ મજકુર નીચેની વ્યકિત કે વ્યકિતઓને લાગુ પડશે નહિ .

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને ઉપરી અધિકારીએ ચુંટણી કામગીરી કે સરકારી કામે આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેમની ફરજ હોય.
૨. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેમના ધ્વારા અધિકૃત કરેલ પોલિસ અધિકારી ધ્વારા જેની શારિરીક, અશકતતાને કારણે શરીરને ટેકો આપવા લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપેલ હોય.

આ જાહેરનામાની કોઈ સુચનાનો ભંગ થતો જણાશે તો તેવી વ્યકિત/વ્યકિતઓ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

**(પ્રકાશ એન. મકવાણા)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**સુરત**

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ/ઝોનલ ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
ર/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ..
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**નકલ સવિનય રવાના–**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.